(તસવીર : મગન વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેર ખાતે સ્વામી વિવેકાનંદ યાત્રા આવી હતી તે સમયે ઠેર ઠેર બે થી ત્રણ કલાક સુધી વાહનોની અવર-જવર બંધ કરી દેવામાં આવી હતી અને દુકાનદારોને પણ હેરાનગતી વેઠવી પડી હતી જેની સામે કોંગ્રેસ પક્ષના કાર્યકરો દ્વારા કાળા વાવટા ફરકાવી વિરોધ નોંધાવ્યો હતો.

ઊંઝાના એઠોર ગામે ખેતરમાંથી ૫૬૨ પેટી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ઊંઝા, તા. ૧૮

ઊંઝા નજીકના એઠોર ગામે વિસનગર રોડ પર ખેતરમાં આવેલ ગોડાઉનમાં દારૂ અંગે ડી.જી. વીજીલન્સ સ્કવોર્ડે દરોડો પાડી પરપ્રાંતની બનાવટનો ૫૬૨ પેટી વિદેશી દારૂનો જથ્થો, સ્વીફ્ટ મોટરકાર, સ્કૂટર મળી કુલ ૨૬.૩૦ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરી આ સંદર્ભે ચાર આરોપીઓ પૈકી ગોડાઉન માલિકની ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી છે. આ દરોડાના પગલે સ્થાનિક પોલીસતંત્ર ઉંઘતુ ઝડપાયું છે.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા નજીકના એઠોર ગામે વિસનગર રોડ પર એઠોરના વિષ્ણુભાઈ હરીભાઈ ગજજરનું ખેતર આવેલ છે. આ ખેતરમાં બે ઓરડીઓમાં બનાવવામાં આવી છે. જેમાં ઊંઝાનો એક શખ્સ માણસો દ્વારા પરપ્રાંતમાંથી વિદેશી દારૂનો જથ્થો મંગાવીને અત્રે ઓરડીઓમાં સંગ્રહ કરી નાના મોટા વાહનો મારફતે ગામડાઓમાં પહોંચાડવામાં આવે છે. તેવી ડી.જી. વિજીલન્સ સ્કવોર્ડને મળેલ બાતમીના આધારે પો.સ.ઈ.એ. આર. ચાવડા, એ.જે. પટેલે સ્ટાફ સાથે રાત્રિના સમયે અચાનક દારૂ અંગે દરોડો પાડ્યો હતો. આ સમયે અહીં હાજર ચાર શખ્સો પૈકી ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હતા. જ્યારે એક શખ્સ ઝડપાઈ ગયો હતો. પોલીસે બે રૂમોની તલાશી લેતાં અંદરથી ૫૬૨ પેટી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

આ ઉપરાંત સ્વીફ્ટ ડીઝયર કાર નં. જીજે-૨-બીડી-૯૦૮૬, નંબર વગરનું એક્સેસ સ્કૂટર તથા મોબાઈલ ફોન મળી કુલ ૨૬,૩૦,૦૭૫ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી કુલ ચાર આરોપીઓ પૈકી ઓરડીના માલિક વિષ્ણુભાઈ હરીભાઈ ગજજર રહે. એઠોરને પકડી પાડ્યો હતો.

ડી.જી. વિજીલન્સ સ્કોવોર્ડના પોલીસ કર્મચારીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચાર આરોપીઓ વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે. દારૂના આ ગુના સંદર્ભે પોલીસે ઓરડીઓના માલિકની ધરપકડ કરી ફરાર થઈ ગયેલા ત્રણ આરોપીઓ રમેશ ઈન્દ્રમલ મારવાડી રહે. ઊંઝા, મારૂતિ સ્વીફ્ટ ગાડીના ચાલક તથા એક્સેસ સ્કૂટરના ચાલકની શોધખોળ હાથ ધરી છે.

પોલીસના જમાવ્યા મુજબ દરોડા દરમિયાન બે ઓરડીઓમાંથી પકડાયેલ દારૂનો જથ્થો નાના મોટા વાહનો મારફતે ગામડાઓમાં પહોંચાડવામાં આવતો હતો. પરપ્રાંતમાંથી અત્રે કેટલા સમયથી દારૂનો જથ્થો આવતો હતો અને આ દારૂ ક્યા ક્યા ગામોમાં કયા શખ્સોને વેચાણ અર્થે પહોંચાડવામાં આવતો હતો તેની કોઈ જ હકિકત હજી બહાર આવી નથી.

સવાગજ માટીના જના જાગરણ જ્યોત પાટોત્સવ ૨૦મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

સંતશ્રી રોહિતદાસ સેવા સમાજ ગુજરાત ગાંધીનગર દ્વારા સવાગજ માટીના જમા જાગરણ જ્યોત પાટોત્સવનો પાટોત્સવ તા. ૨૦મી સપ્ટેમ્બરના રોજ યોજાશે. જેમાં પાઠના પીઠાધિપતિ પૂ. દલપતદાસજી બાપુ (ઓરણ ગુરૂ ગાદી) ધર્માનુ રાગી પૂ. રમણ જયમાડી મેલડી ધામ આર્શીવાદ આપશે. ભજનના આરાધક પૂ. અમૃતદાસજી બાપુ ઈસનપુરવાળા, પૂ. સેવાદાસ બાપુ કલોલ, ગેબી મંદિર અને રૂદાતલવાળા બળદેવભાઈ સોલંકી હાજર રહેશે. પ્રમુખ અનિલભાઈ પરમાર અને મહામંત્રી ધીરૂભાઈ ડોડિયાએ જણાવેલ છે.

મુખ્યમંત્રીના પ્રજાને હેરાનગતી કરતા કાર્યક્રમ સામે કોંગ્રેસે કાળા વાવટા ફરકાવી વિરોધ કર્યો

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેર ખાતે સ્વામી વિવેકાનંદ યાત્રા આવી હતી તે સમયે ઠેર ઠેર બેથી ત્રણ કલાક સુધી વાહનોની અવર-જવર બંધ કરી દેવામાં આવી હતી અને દુકાનદારોને પણ હેરાનગતી વેઠવી પડી હતી જેની સામે કોંગ્રેસ પક્ષના કાર્યકરો દ્વારા કાળા વાવટા ફરકાવી વિરોધ નોંધાવ્યો હતો.

દેવાળીયા અને ગપ્પીદાસ મુખ્યમંત્રી હાય હાયના સુત્રો પોકારી વિરોધ કર્યો હતો. અંબાજીથી નિકળેલા મુખ્યમંત્રી ઈડરથી હિંમતનગર આવતા જેની યાત્રા લઈને નીકળ્યા છે એવા સ્વામી વિવેકાનંદની યાત્રા લઈને નીકળ્યા છે એવા સ્વામી વિવેકાનંદની મહેતાપુરા ચાર રસ્તા ઉપર આવેલ પ્રતિમાને ફુલહાર મુખ્યમંત્રીએ ના કરતા પ્રજામાં રોષ ફેલાયો હતો અને આક્રોશ વ્યકત કર્યો હતો અને કોંગ્રેસી કાર્યકરોએ આક્રોશ વ્યકત કરતા જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદજીના નામે મત લેવા નીકળેલો ભાજપ સ્વામી વિવેકાનંદજીની અવગણના કરી પ્રજાને ગેર માર્ગે દોરે છે અને તે દરમિયાન કોંગ્રેસ કાર્યકર્તાઓએ વિરોધ દર્શાવતા પોલીસ દ્વારા ૬૦ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી. આ પ્રસંગે ચંદ્રસિંહ ઝાલા, જગદીશ જયસ્વાલ, નિર્મળા પંચાલ, વનરાજસિંહ રાઠોડ, ફારૂક ખણુસીયા, ગમન દેસાઈ, યુસુફભાઈ બચ્ચા, રાજુ રાવલ ઈશાક શેખ, ઈન્દ્રજીત રહેવર, રઘુ દેસાઈ, જયોતિબેન દવે, કનુભાઈ ભાટી વગેરે કોંગ્રેસી કાર્યકરોએ મુખ્યમંત્રીના કાર્યક્રમના કાળા વાવટા બતાવી વિરોધ દર્શાવ્યો હતો.

પેપરાલ પાસે ટ્રેકટર અને બાઈક અથડાતા એકનું મોત

ડીસા, તા.૧૮

થરાદ તાલુકાના પેપરાલ ગામના પાટીયા પાસે બાઈક અને રેતી ભરેલા ટ્રેકટર વચ્ચે અકસ્માત થતાં એક યુવકનું મોત નિપજયું હતું. જયારે બે ને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવા પામી હતી. ડીસા શહેર પોલીસ પાસેથી મળેલ વિગત મુજબ ડીસા તાલુકાના સેકરા ગામેથી પરબતભાઈ ભેમાભાઈ રબારી (ઉ.વ.૩૫) સહિત ત્રણ યુવાનો બાઈકમાં ઢીમા ધરણીધરના દર્શનાર્થે જઈ રહ્યા હતા ત્યારે થરાદ તાલુકાના પેપરાલ ગામના પાટીયા નજીક સામેથી રેતી ભરીને આવી રહેલ ટ્રેકટરના ચાલકે ધડાકા ભેર ટક્કર મારતા બાઈક સવાર ત્રણ યુવાનો રોડ પર પટકાયા હતા. જેમાં પરબતભાઈ રબારીને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવાથી કરૂણ મોત નિપજયું હતું.

જયારે ઘવાયેલ બેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતક પરબતભાઈ રબારીના મૃતદેહને ડીસા સિવિલ હોસ્પિટલમાં પી.એમ. અર્થે લવાયો હતો. બાદમાં વાલી વારસોને સુપ્રત કરવામાં આવ્યો હતો. આ બાબતે ડીસા શહેર પોલીસે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈકરા ફાઉન્ડેશન દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો

હિંમતનગર, તા.૧૮

ઈકરા ફાઉન્ડેશન હિંમતનગર દ્વારા સાબરકાંઠા જિલ્લાના મુસ્લિમ વિદ્યાર્થી ભાઈ-બહેનો વર્ષ ૨૦૧૨માં ધોરણ-૧૦, ૧૨, વિજ્ઞાન પ્રવાહ, ગ્રેજયુએટ તેમજ ઉચ્ચ અભ્યાસ કરનારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ હિંમતનગર ટાઉનહોલમાં યોજાયો હતો.

આ એવોર્ડ તથા કેરીયર ગાઈડ પ્રોગ્રામના મુખ્ય મહેમાન તરીકે ઈર્શા બેગ મીરઝા સેક્રેટરી, એ.આઈ. સી.સી. અને અતિથિ વિશેષમાં ખાદીમભાઈ લાલપુરી, પુંજીલાલ પટેલ, મુજમ્મીલ પઠાણ વગેરે પ્રસંગને અનુરૂપ પ્રવચન કર્યા હતા. કેરીયર ગાઈડર નિસાર ઈમામ, શાહીદ લાલા, વારીરા લાલા, સહલ વલજી વાલા, મોહસીન જાંખવાલા વગેરેએ સુંદર માર્ગદર્શન પુરું પાડયું હતું. તેમજ ૧ થી ૧૦ નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં સામાજીક કાર્યકર, પત્રકારો અને કોર્પોરેટર તેમજ ઉપસ્થિત મહાનુભાવોને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

ઈકરા ફાઉન્ડેશનના ચેરમેન મો. યુસુફ સાબુગરે આમંત્રિત મહાનુભાવોનું શાબ્દીક તથા ફુલહારથી સ્વાગત કર્યું હતું. પ્રોગ્રામનું સફળ સંચાલન મોહમંદ હનીફ દેવલા અને નજીર મીરઝાએ કર્યું હતું.

હિંમતનગરમાંથી યુવતી ગુમ

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારની ગોપાલકુંજ સોસાયટીની પાછળ રહેતા નંદલાલ ચેલારામ સિંધીની ૧૯ વર્ષીય દીકરી નેના ૧૮મી સપ્ટેમ્બરને મંગળવારના રોજ ૮.૩૦ વાગેના સમયે મમ્મીને કહેલ કે આપણા ઘરમાં મોટાભાઈ તથા ભાભીને કેમ લાવેલ છે જો તે ઘરમાં રહેશે તો મારે ઘરમાં રહેવું નથી તેમ કહી ગુસ્સે થઈ ઘરેથી ક્યાંક જતી રહેલ જેથી યુવતીના પિતા નંદલાલ સિંધીએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે મંગળવારના રોજ પોલીસે જાણવા જોગ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજનામાંથી હડાદ -થમિક આરોગ્ય કેન્દ્રને નવી એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. વનબંધુ કલ્યાણ યોજનામાંથી દાંતા તાલુકાની ૧,૧૯,૩૮૩ વસ્તી પૈકી ૧૦,૪૦૦૦ વ્યક્તિઓને આરોગ્યની જુદી જુદી સેવાઓ આપવામાં આવે છે. જયારે કુલ ૧૯૧૫૩ કુંટુંબ પૈકી ૧૮૨૫૦ કુંટુંબની આ યોજના હેઠળ તપાસણી કરવામાં આવેલ છે. આમ ગંભીર બિમારી સિવાયની સ્થળ ઉપર મફત સારવાર આપવામાં આવે છે.

દિગંબર જૈન પાઠશાળાના બાળકોનો પ્રવાસ યોજાયો

તલોદ, તા. ૧૮

તલોદ તાલુકામાં સ્થિત દિગંબર જૈન પાઠશાળાના બાળકો માટે ત્રિદિવસીય જયપુર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૬ બાળકો અને ૬ શિક્ષકો જોડાયા હતા.

આ પ્રવાસ દરમિયાન બાળકોને નારોલી સાંગાતેર, બાડા-પદમપુરામાં જૈન મંદિરોના ઉપરાંત જયપુરમાં ચાર્તુમાસ કરી રહેલા પરમ પૂજ્ય ૧૦૮ વિરાગ સાગરજી મહારાજનો ૭૩ પિચ્છી સાથેના સંઘના દર્શન કરાવ્યા હતા. આ સમગ્ર પ્રવાસનું આયોજન પરેશ શાહ, નીતિન શાહ, પ્રજ્ઞેશ શાહ અને યોગેશ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

ટ્રિનીટી સ્કુલમાં એલ.આઈ.સી. દ્વારા ચિત્ર-નિબંધ સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૮

ભારતીય જીવન વિમા નિગમ તલોદ દ્વારા ટ્રિનીટી ઈંગ્લિશ મીડિયમ સ્કુલમાં એલ.આઈ.સી. દ્વારા નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

નિબંધ સ્પર્ધામાં પ્રથમ પ્રસાદ ડોલી, કામેશ્વર પ્રસાદ, શાહ વ્રજીકા દ્વિતીય, પુરોહિત પ્રિયંકા તૃતીય સ્થાને જ્યારે ચિત્રમાં પ્રથમ જીલ સેજપાલ, દ્વિતીય દુગ્ગડ પરિધિ, તૃતીય સ્થાને શકનાવત ભુવનપ્રતાપ વિજેતા બન્યા હતા.

એલ.આઈ.સી.ના અધિકારીઓ, સંચાલક મંડળ શાળા પરિવાર હાજર રહીને પ્રોત્સાહિત કરીને ઈનામો આપ્યા હતા.

(તસવીર : હીતેશ રાજપુત-ડીસા)

ડીસા શહેરમાં આવેલા સત્યમ શિવમ સુંદરમ બંગ્લોજ આવેલા છે. જયાં સુંદરમ બંગ્લોજ ખાતે દેહ વિક્રેતાનો ધંધો ઘણા સમયથી ચાલે છે. તેવી બાતમી શહેર પોલીસ ને મળતા શહેર પોલીસના પી.આઈ-આર.એમ.ભદોરીયા તથા પોલીસ સ્ટાફે આ વિસ્તારમાં વોચ ગોઠવી બપોરના સુમારે સુંદરમ બંગ્લોજના એક રહેણાંક મકાનમાં રેડ કરતા મકાનમાંથી (૧) હિતેશ લખાજી માળી - રહે.વડાવળ - શીવ હોટલ સામે , (૨) નીતાબેન "કાશભાઈ નાઈ .રહે .પાણીની ટાંકીની બાજુમાં કચ્છી કોલોની-ડીસા , (૩) લતાબેન ઉર્ફે કાંતાબેન અર્જુનપુરી ગૌસ્વામી રહે.ત્રણબતી પાલનપુર વાળાને ઝડપી પાડયા હતા. આ પોલીસ રેડ દરમ્યાન સોસાયટીના રહીશોના ટોળેટોળા ઉમટી પડયા હતા. બાદમાં આ ત્રણેય જણને શહેર પોલીસે પોલીસ મથકે લાવી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે આ બનાવ બનતા શહેર ભરમાં ચકચાર મચી જવા પામી હતી.

સાબરકાંઠા જિલ્લામાં ઝેરી દવા પી ગયેલા બે ના સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ચાપલાનાર ગામે ૧૭મી સપ્ટેમ્બરને સોમવારના રોજ ગામમાં રહેતા કેશરીસિંહ ગોબરસિંહ મકવાણાની ૧૮ વર્ષીય દીકરી સોનલે કોઈપણ અગમ્ય કારણોસર ઘરે ઝેરી દવા પી ગયેલ જેને તાત્કાલિક ગાંભોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર કરી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરેલ જેનું સારવાર દરમિયાન ૧૮ સપ્ટેમ્બરના રોજ સવારે ૭.૧૫ વાગે મૃત્યુ થતા સિવિલના ડૉ. હસમુખ રાઠોડે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરી હતી. જ્યારે જિલ્લાના ઈડર તાલુકાના દાવડ ગામના અને હાલ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ચરાડા ગામે રહેતા ૨૭ વર્ષીય નટવરભાઈ ભીખાભાઈ પટેલ ૧૭મી સપ્ટેમ્બરને સોમવારના રોજ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયેલ જેમને સારવાર માટે હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં દાખલ કરેલ જેમનું ૧૮મી સપ્ટેમ્બરના રોજ સવારે ૫.૨૦ વાગે મૃત્યુ થતા હોસ્પિટલના ડૉ. અર્વીનભાઈ પટેલે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાભર તાલુકાના કુવાળા મુકામે શાળામાં ટી.બી.રોગ ઉપર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

બનાસકાંઠા, તા. ૧૮

બનાસકાંઠાના ભાભર તાલુકાના કુવાળા ગામે આવેલી શ્રી એચ.વી. ચૌહાણ હાઈસ્કૂલમાં ગતરોજ ટીબી રોગ અંગે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં શાળાના બાળકોએ ખુબજ ઉત્સાહભેર ભાગ લઈ ખુબજ રસપ્રદ માહિતી એકત્રિત કરી પોતાના સહ અધ્યાયિઓ સાથે વહેંચી હતી અને ખુબજ સુંદર રજુઆત પણ કરી હતી. આ કાર્યક્રમ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. બ્રિજેશ વ્યાસ અને ટી.આઈ.ઈ.સી.ઓ શ્રી એ.વી. મહેતાના માર્ગદર્શન નીચે યોજાયો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય શંભુલાલ જોષી તેમજ તમામ શિક્ષણગણ તેમજ મેડીકલ ઓફીસર ડૉ. જુલીબેન પટેલ, આરોગ્ય સુપરવાઈઝર બી.જી. પરમાર, ડી.સી. શ્રીમાળી બાળકોને શુભેચ્છા પાઠવી હતી. આભારવિધિ શાળાના શિક્ષક સચીનભાઈ દ્વારા કરવામાં આવી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૫૨૮